સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ગૌરવભેર ઉત્સવો ઉજવવા હોય, જાય ક્યાં ?
સરકારી ગ્રાંટે મંચ ગજવવા હોય, જાય ક્યાં ?
જોડાઈ જાય સત્તાપક્ષમાં મને-કમને પણ
કલાકારોને નાટક ભજવવાં હોય, જાય ક્યાં ?

હાઈકુ

રહે છે મુક્ત
બિચારા કલાકારો
સ્વ-મુચરકે

કરે છે કળા
સરકારી વાજિંત્રે
કાંડા કાપીને

ચિંતન

કાર્યાન્તરે દીર્ઘસૂત્રતા ન કર્તવ્યા ।

ઉપરોક્ત સૂત્ર 'ચાણક્યસૂત્ર'માંથી લેવામાં આવેલ છે.

કાર્યનો પ્રારંભ બાદ આળસ ન કરો.

કોઈ પણ કાર્યનો પ્રારંભ કર્યા બાદ, હજી તો પૂરતો સમય છે એવી દીર્ઘસૂત્રતા (આળસ)ના દાખવો. આમ કરવાથી સફળતા નથી સાંપડતી.

માણસ પોતાનાં કર્તવ્યો-ફરજ પ્રત્યે બેદરકાર અને આળસુ હોય છે છતાં એને છુપાવવા 'કાલ કરશું' હજી તો બહુ જ સમય છે એવાં રૂપાળાં વસ્ત્રો પહેરાવી આળસ ન ઢાંકે અને પંપાળે છે.

કોઈ પણ ધ્યેય-લક્ષ્ય-હેતુની પરિપૂર્તિ માટે સતત તેને પૂર્ણ કરવાના પ્રયત્ન સાથે મંડી પડવું જોઈએ.

આળસુ-દીર્ઘસૂત્રી લોક જીવનમાં સફળ થતા નથી.

સુવિચાર

- માનવજાતનો સમગ્ર ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે જયારે જયારે શક્તિ પ્રકટ થઈ છે ત્યારે ત્યારે તે સામાન્ય પ્રજાવર્ગમાંથી જ ઉત્પન્ન થઈ છે - **વિવેકાનંદ**
- એ તો નિશ્ચિત જ છે કે કોઈ પણ કર્મ કરવું તો પડશે જ, તો અતિ ઉચ્ચ ઉદ્દેશ સાથે ઉત્તમ કાર્ય કરવું ઉચિત છે - **સંત રોબિન**
- એટલું નિશ્ચયપૂર્વક માની લેજો કે જયાં સુધી તમે આધ્યાત્મિક સત્યનો સાક્ષાત્કાર નથી કરતાં ત્યાં સુધી તમારા ધાર્મિક જીવનનો પ્રારંભ જ નથી થયો - **ધર્મલોક**
- સુંદરતા બહારની પરિભાષા પર નિર્ભર નથી, સુંદરતા ભીતરની અવસ્થા પર નિર્ભર હોય છે - **મોરારિ બાપુ**
- સરળતા અને સાધુતા જન્મજાત હોય છે ? - **એસ. ભટ્ટાચાર્ય**
- હૃદયનો ભાવ અમર્યાદ હોય છે, બુદ્ધિની સીમા હોય છે, હૃદયની નહીં - **બી.કે શિવાની**
- આજનું ઔષધ : આંબાની ગોટલીને પાણીમાં ઘસીને પેસ્ટ દાઝ્યા ઉપર લગાડવાથી તરત રાહત થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

કબીરને એક માણસે પૂછ્યું, 'મારે ગૃહસ્થ બનવું કે સન્યાસી ?' કબીરે ટૂંકમાં કહ્યું, 'જે પણ બનો આદર્શ બનો.' પેલા માણસે કહ્યું, 'મને જરા વિગતવાર સમજાવો.' કબીરે પત્નીને બોલાવી. એ વખતે બપોર હતી, છતાં કબીરે કહ્યું, 'મને દીવો પ્રગટાવી આપ, જેથી એના પ્રકાશમાં કપડા વણવાનું કામ સારી રીતે કરી શકું.' પત્નીએ કોઈ પણ જાતની દલીલ કર્યા વગર દીવો પ્રગટાવ્યો અને જતી રહી. એ પછી કબીરે પેલા જિજ્ઞાસુને સમજાવતાં કહ્યું, 'જો ગૃહસ્થ બનવું હોય તો પરસ્પર કાયમ એવો દઢ વિશ્વાસ રાખવો કે બીજાની ઈચ્છા એ જ આપણી ઈચ્છા.' હવે કબીર તે સવાલકર્તાને એક ટેકરી પર લઈ ગયા ત્યાં એક વૃદ્ધ સંત રહેતા હતા. કબીરે એમને પૂછ્યું, 'આપની ઉંમર કેટલી છે ?' સંતે કહ્યું 'એંસી વરસ' થોડીવાર અન્ય ચર્ચા કર્યા પછી કબીરે સંતને ફરી એમની ઉંમર પૂછી. સંતે હળવા સ્મિત સાથે કહ્યું, 'એંસી વર્ષ.' ટેકરી પરથી થોડે નીચે ઊતરી કબીરે ફરી સંતને બૂમ પાડી નીચે બોલાવ્યા અને ફરીથી એ જ ઉંમર વાળો પ્રશ્ન પૂછ્યો. સંતે હસતાં હસતાં ફરી પોતાની ઉંમર એંસી વર્ષ જણાવી અને ટેકરી પર પાછા ફર્યા. કબીરે પેલા સવાલકર્તાને સમજાવતા કહ્યું, 'જો સન્યાસી થવું હોય તો આ સંતની જેમ ધીરજવાન અને ક્ષમાવાન બનવું જોઈએ.'

ચિદંબરમ : કોંગ્રેસની પ્રતિષ્ઠાનો પ્રશ્ન

તંત્રીસ્થાનેથી...

બોફોર્સ કૌભાંડમાં દેખીતી રીતે ઇટાલિયન કનેક્શન જગજાહેર હતું અને સોનિયા ગાંધીના સંબંધી ઑક્ટેવિયો ક્વોત્રોચી સામે તો પૂરતા પુરાવા પણ હતા છતાં કેન્દ્ર સરકારે યેનકેન પ્રકારેણ રાજીવ ગાંધીને એમાંથી ક્લિન ચીટ અપાવી હતી. પાછળથી ક્વોત્રોચી પણ સિફતપૂર્વક છટકી ગયો અને મરી પણ ગયો. કોઈને સજા ભલે ન થઈ હોય પરંતુ એથી એ છૂટી જનારા નિર્દોષ હતા એવું ભાગ્યે જ કોઈ માનશે. હાસ્યાસ્પદ અને કરુણ ઘટનાના મિશ્રણ જેવું તત્કાલીન વિદેશમંત્રી માધવસિંહ સોલંકી સાથે બન્યું. એમણે તો ફક્ત ચિઠ્ઠી પહોંચાડવાનું પોસ્ટમૅન જેવું કામ જ કરેલું, ક્યાંય એની સીધી સંડોવણી તો હતી જ નહીં. છતાં હજી સુધી એમની સામેનો કેસ પેન્ડિંગ છે ! એ દૂતકાર્યની સજા સ્વરૂપે એમનું રાજકારણ ખત્મ થયું અને વિકલ્પે કોંગ્રેસના પ્રથમ રવિવારે એમનું પારિવારિક રાજકારણ ચલાવ્યું. ચિદંબરમ તો વડાપ્રધાન તરીકે શોભે એ બર અને કૅલિબરના નેતા હતા. અંગ્રેજી તો કોઈ એમને સાંભળીને શીખે ! હિંદી નહીં આવડતું હોઈ કોંગ્રેસના જે બે વરિષ્ઠ નેતાઓ વડાપ્રધાનપદનું સપનું ના જોઈ શક્યા એમાં પહેલા પ્રણવ મુખર્જી અને બીજા પી. ચિદંબરમ. નરસિંહરાવ આંધ્રપ્રદેશના વતની હોવા છતાં કોઈ પણ હિંદી ભાષી કરતાં સારું હિંદી બોલતા હતા. એમને પણ તક તો નિયતિએ આપી હતી. રાજીવ ગાંધીનું અકાળ અવસાન ના થયું હોત તો નરસિંહરાવ અને ડૉ. મનમોહનસિંહ જેવા વડાપ્રધાનો દેશને મળ્યા જ ન હોત.

ચિદંબરમ અને પ્રણવ મુખર્જીમાં ફરક હોય તો એટલો કે પ્રણવ મુખર્જી એમની મહત્ત્વાકાંક્ષી અભિવ્યક્તિ રોકી નહોતા શકતા. આખરે એમને રાષ્ટ્રપતિ બનાવી પાર્ટી પોલિટિક્સથી વેગળા ખસેડી દેવાયા ત્યારે પણ તેમણે સૈદ્ધાંતિક પક્ષ સાચવીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને આરએસએસ સાથે મધુર સંબંધો કેળવી 'ભારત રત્ન' જેવો સર્વોચ્ચ ઈલકાબ અંકે કરી લીધો. ચિદંબરમ કોંગ્રેસના પ્રથમ પરિવારને હાડોહાડ વફાદાર રહ્યા એટલે સ્વાભાવિક રીતે જ મોદી સરકારની ટીકા ટિપ્પણી કરતા રહ્યા. પોતાનો પગ કુંડાળામાં પડેલો છે એની તો એમને ખબર જ ના રહી ! ઈંદ્રાણી મુખર્જીએ જ્યારે પૂછપરછમાં નાણાંની હેરાફેરી માટે કાર્તિ મારફત નાણાંમંત્રી પિતાની મહેરબાની પ્રાપ્ત કર્યાનું કબૂલ્યું ત્યારે જ ચિદંબરમની કરમકુંડળી લખાઈ ચૂકી હતી.

પત્રકારો આખા કેસને ભલે બદલાની ભાવનાથી થયેલો ચીતરતા હોય અને કોંગ્રેસ એ જ લાઈન પર એના મેધાવી નેતાનો છેલ્લે સુધી બચાવ કરવા કૃતસંકલ્પ હોય, પરંતુ કાયદો કાયદાનું કામ કરી રહ્યો છે તે સુપ્રિમ કૉર્ટ અને હાઈકૉર્ટના ન્યાયાધિશોનાં નિરીક્ષણો તથા વલણથી સ્પષ્ટ થઈ ચૂક્યું છે. કોંગ્રેસે આબાબતને પ્રતિષ્ઠાનો પ્રશ્ન બનાવી એની રહીસહી આબરૂ નેવે મૂકી છે.

પરિત્રાણાય સાધુનામ

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

ભગવાન વિષ્ણુના વાહન ગરુડને કાળીનાગ સાથે એકવાર શત્રુતા થઈ બંને યુદ્ધે ચડ્યા. એમાં કાળીનાગની હાર થઈ. અને હવે બીક લાગી. આ મને મારી નાખશે એટલે એ પોતાના પરિવાર સાથે નાઠો. એણે શ્યામવર્ણના જળનો વિશાળ કુંડ જોયો. એ પરિવાર સાથે એમાં સંતાઈ ગયો.

યમુના નદીનો આ જળકુંડ હતો. નદીને કિનારે ગોકુળ-વૃન્દાવન વસેલાં. ગામમાં ગોવાળોની વસતી વધુ. આ જળ ઉપર ગામનો આધાર. નાગ તો તીવ્ર વિષધર હતો. તરત જ પાણીમાં ઝેર ફેલાવા માંડ્યું. પશુ કે પંખી - જે કોઈ પાણી પીવે એને અંધાપો આવી જાય. કિનારાનાં વૃક્ષો સુકાવા લાગ્યાં. ગામમાં હાહાકાર મચી ગયો. પાણીને પીવામાં કે વાપરવામાં વપરાય તેમ ન હતું.

કિશોરવયના શ્રીકૃષ્ણને વિચાર આવ્યો, આનું કંઈક કરવું પડશે. જળકુંડને કિનારે એક કદમ્બનું વૃક્ષ હતું. એની એક ડાળી પાણી ઉપર ઝુકેલી હતી. શ્રીકૃષ્ણ સડસડાટ વૃક્ષ ઉપર ચડી ગયા અને ડાળી પરથી પાણીમાં ભૂસકો માર્યો. ભયને કારણે એના બાળમિત્રો ગભરાઈને ગામમાં ગયા. થોડીવારમાં નંદરાય, યશોદા, બળરામ અને ગ્રામજનો કિનારે ભેગા થયા અને રોકકળ કરવા લાગ્યા.

પાણીમાં શ્રીકૃષ્ણે જઈને કાળીનાગને સીધો યુદ્ધ માટે લલકાર્યો. નાગને વિચાર આવ્યો, બાળક છે, મારે નથી લડવું. એણે એના સાથી નાગને સંકેત કર્યો, તું આની સાથે કામ પાડી લે. સાથીનાગ શ્રીકૃષ્ણ સાથે લડવા આવ્યો. પણ શ્રીકૃષ્ણે એને પરાસ્ત કર્યો. નિરાશ થઈને, શરમ સાથે એ પાછો ફર્યો. હવે કાળીનાગ શ્રીકૃષ્ણ પાસે આવ્યો. યુદ્ધ શરૂ થયું. નાગે શ્રીકૃષ્ણને ભરડામાં લીધા અને ભીંસ વધારવા માંડી. શ્રીકૃષ્ણે પોતાનું કૌવત બતાવ્યું. ડાબે હાથે ઝટકો માર્યો અને ભરડામાંથી છૂટી ગયા. જમણે હાથે એની ફેણ નમાવી, કૂદકો મારી ઉપર ચડી ગયા. પોતાના બંને ગોઠણ ઉપર તાલ ઠોકીને નૃત્ય કરવા લાગ્યા. એના પગના ઠેકાથી ફેણમાં ઉઝરડા પડ્યા, એમાંથી લોહી નીકળવા લાગ્યું.

સૌને ખ્યાલ આવ્યો, આ કોઈ સામાન્ય બાળક નથી. કાળીનાગને બે પત્નીઓ હતી, એમણે પ્રણામ કરીને આજીજી સાથે વિનંતી કરી, હે પ્રભુ ! અમે આપને ઓળખી ન શક્યા. અમારા પતિએ અજાણપણે લડવાનું શરૂ કર્યું. આપ તો દયાના સાગર છો. એમની ભૂલને માફ કરી દો.

શ્રીકૃષ્ણે ઉદારતાથી સ્મિત કર્યું, એટલે કાળીનાગને હિંમત આવી. એણે શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા અને વિનંતી કરી, હે નારાયણ ! મેં આપને ન ઓળખ્યા. મને માફ કરો અને મને જીવતદાન આપો.

શત્રુ પણ જો શરણે આવે તો એને માફી આપી શકે એ ભગવાન. એણે કહ્યું, તારો ગર્વ ચકનાચુર થઈ ગયો છે. તું મારે શરણે છો. એટલે તને ક્ષમા આપવાની જ હોય. હવે તું મારો આદેશ ઉઠાવી લે. આ જળકુંડ છોડી દે. તારા પરિવાર સાથે નીકળી જા. સમુદ્રનો માર્ગ લઈ લે, એમાં ઊતરી જા.

કાળીનાગ અને પરિવારે એમને પ્રણામ કર્યા. આદેશ માથે ચડાવ્યો અને જળકુંડની બહાર નીકળી ગયા અને જવા લાગ્યા. પછી શ્રીકૃષ્ણ કુંડની બહાર આવ્યા.

કિનારે ઊભેલા લોકોએ નાગ પરિવારને બહાર નીકળતા જોયો, પછી તરત સૌ કોઈના લાડીલા શ્રીકૃષ્ણ બહાર આવ્યા. એમના ગગનભેદી હર્ષચિત્કારથી જાણે કે આકાશ ભરાઈ ગયું.

શત્રુ પણ જો શરણે આવે તો એને માફી આપી શકે એ ભગવાન

સુરપાણેશ્વર અભયારણ્ય કયા જિલ્લામાં આવેલું છે ?

ગુજરાતની ભૂગોળ

૧ ત્રિકમ સાહેબની સમાધિ ક્યાં આવેલી છે ?
(અ) ભૂજ (બ) રાપર
(ક) આદીવાડા (ડ) ધોળાવીરા

૨ પનીયા અભ્યારણ્ય કયા જિલ્લામાં આવેલું છે ?
(અ) અમરેલી (બ) જૂનાગઢ
(ક) ભાવનગર (ડ) પોરબંદર

૩ ખૂબ જ જાણીતું મેહરજી પુસ્તકાલય ક્યાં આવેલું છે ?
(અ) સુરત (બ) વડોદરા
(ક) નવસારી (ડ) ગણદેવી

૪ ગુજરાતમાં વાંસનું ઉત્પાદન સૌથી વધુ કયા જિલ્લામાં થાય છે ?
(અ) નવસારી (બ) સુરત
(ક) અરવલ્લી (ડ) ડાંગ

૫ સુરપાણેશ્વર અભયારણ્ય કયા જિલ્લામાં આવેલું છે ?
(અ) ભરૂચ (બ) નર્મદા
(ક) ડાંગ (ડ) વલસાડ

૬ પાનવડ ટાપુ ક્યાં આવેલો છે ?
(અ) નળ સરોવરમાં (બ) નારાયણ સરોવરમાં
(ક) આજવા સરોવરમાં (ડ) થોળના સરોવરમાં

૭ ગુજરાતની પ્રથમ બહુહેતુક યોજના કઈ છે ?
(અ) ધરોઈ યોજના (બ) નર્મદા યોજના
(ક) ઉકાઈ યોજના (ડ) મહી સાગર યોજના

૮ ઑક્સિજનનું ઉત્પાદન કરતી ગુજરાત ઑક્સિજન લિમિટેડ ક્યાં આવેલી છે ?
(અ) રાજકોટ (બ) હાલોલ
(ક) વાપી (ડ) લીંબડી

૯ રસુધારા ડેરી ક્યાં આવેલી છે ?
(અ) આણંદ (બ) ડીસા
(ક) વલસાડ (ડ) મહેસાણા

૧૦ સુવાલીની રેતીની ટેકરીઓ કઈ નદીમાં રચાય છે ?
(અ) મહીસાગર (બ) તાપી
(ક) સાબરમતી (ડ) નર્મદા

૧૧ ચિનાઈ માટી માટે ગુજરાતનું કયું ક્ષેત્ર ભારતમાં સૌથી મોટું છે ?
(અ) મોરબી (બ) થાનગઢ
(ક) સંખેડા (આણંદ) (ડ) આરસોડીયા (સાબરકાંઠા)

૧૨ વારલી આદિવાસી જાતિના લોકોની વસતી ગુજરાતના કયા જિલ્લામાં વધુ છે ?
(અ) સુરત (બ) વડોદરા
(ક) ડાંગ (ડ) વલસાડ

૧૩ ઉનાથી ચોરવાડ સુધીનો વિસ્તાર કયા નામે ઓળખાય છે ?
(અ) બન્ની (બ) નાઘેર
(ક) કાનમ (ડ) ઝાલાવાડ

૧૪ કયું સ્થળ કાઠિયાવાડનો દરવાજો ગણાય છે ?
(અ) ધોળકા (બ) ધંધુકા
(ક) વઢવાણ (ડ) ધ્રાંગધ્રા

૧૫ ગુજરાતનું કયું સ્થળ ગાંધીનગરી તરીકે ઓળખાય છે ?
(અ) અમદાવાદ (બ) રાજકોટ
(ક) ગાંધીનગર (ડ) પોરબંદર

વિવિધા

ખજાનો
અનિલ પટેલ

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- **૨૩ ઓગસ્ટ : ગુલામી વિરોધી દિવસ**
- ભારતીય જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા બંગાળી લેખક તારાશંકર હરિદાસ વેદોપાધ્યાયનો જન્મદિવસ (૧૯૮૯)
- જાણીતા સાહિત્યકાર પ્રવીણા દરજીનો જન્મદિવસ (૧૯૪૪)
- કેળવણીના પિતા રણછોડલાલ ગિરધરલાલ ઝવેરીની પુણ્યતિથિ (૧૮૭૩)
- **૨૪ ઓગષ્ટ : વિશ્વ ગુજરાતી ભાષા દિવસ**
- નીડર પત્રકાર અને સાહિત્યકાર વીર નર્મદનો જન્મદિવસ (૧૮૩૩)
- ૧૦મી સદી બાદ મંગળ પહેલી વખત પૃથ્વીની નજીક પહોંચ્યો (૧૯૨૪)
- પ્રથમ માનવરહિત વિમાને એક માઈલની સફર ખેડી (૧૯૭૭)
- યશોધર ન. મહેતાની જન્મજયંતી (૧૯૦૯)
- **૨૫ ઓગષ્ટ**
- ગેલીલીયોએ પ્રથમ વખત ટેલીસ્કોપનું જાહેરમાં પ્રદર્શન કર્યું (૧૬૦૬)
- ફિરંગી મુસાફર 'વાસ્કોડી ગામા' ભારતના કાલીકટ બંદરે ઊતર્યો (૧૪૯૮)
- તેજસ્વી વિચારક જયંતી દલાલની પુણ્યતિથિ (૧૯૭૦)
- રણજીતરામ સુવર્ણચંદ્રક વિજેતા હરિનારાયણ આચાર્ય 'વનેચર' પ્રકૃતિવિદનો જન્મદિવસ (૧૮૯૭)
- **૨૬ ઓગષ્ટ**
- ડાયનેમાના શોધક બ્રિટનના વૈજ્ઞાનિક માઈકલ ફેરાડેનું નિધન (૧૮૬૭)
- અલ્લાઉદ્દીન ખીલજીએ ચિત્તોડગઢ પર કબજો મેળવ્યો (૧૩૦૩)
- દયાની મૂર્તિ મધર ટેરેસાનો જન્મદિવસ (૧૯૧૦)
- બંગાળની સુમિત્રા લાહાએ સાતમી રાષ્ટ્રીય પાવર લિફ્ટીંગમાં વિશ્વ વિક્રમ સ્થાપ્યો (૧૯૮૯)
- **૨૭ ઓગષ્ટ**
- દાદાસાહેબ ફાળકે એવોર્ડ તથા પદ્મવિભૂષણથી વિભૂષિત એવા ઋષિકેશ મુખર્જીનું નિધન (૨૦૦૬)
- એચ એમ પટેલની જન્મજયંતી (૧૯૦૪)
- મા આનંદમયીની પુણ્યતિથિ (૧૯૮૨)
- મનસુખલાલ ઝવેરીની પુણ્યતિથિ (૧૯૮૧)
- **૨૮ ઓગષ્ટ**
- વિશ્વ બંધુત્વનો સંદેશ આપનાર તત્ત્વચિંતક લિયો ટોલ્સટોયનો જન્મદિવસ (૧૮૨૮)
- રણજીતરામ સુવર્ણચંદ્રક વિજેતા રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનો જન્મદિવસ (૧૮૯૬)
- ગુજરાતના પ્રખર સમાજ સુધારક કરશનદાસ મુ.ની પુણ્યતિથિ (૧૮૭૧)
- પ્રથમ કાર રેલી કોલકત્તાથી બેરકપુર સુધી યોજાઈ (૧૯૦૪)
- **૨૯ ઓગષ્ટ**
- ગુજરાતના પ્રથમ મુખ્યપ્રધાન ડૉ. જીવરાજ મહેતાનો જન્મદિવસ (૧૮૮૭)
- મનુભાઈ પંચોળી 'દર્શક'નું નિધન (૨૦૦૧)
- ડોલરરાય રંગીલદાસ માંકડની પુણ્યતિથિ (૧૯૭૦)
- હોકી સ્ટીકના જાદુગર મેજર ધ્યાનચંદનો જન્મદિવસ (૧૯૦૫)

ગત સપ્તાહના સવાલનો જવાબ

ભારત આઝાદ થયું ત્યારે કાશ્મીરના રાજા કોણ હતા ?
જવાબ : મહારાજા હરિસિંહ

સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૫) હાર્દિક એન ભટ્ટ, સેક્ટર-૨૪, (૬) શિવાંગ બી. પટેલ, સરગાસણ

આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

ચંદ્રયાન મોડ્યુલને ચંદ્રની ધરતી પર ઉતારનાર લેન્ડરનું નામ શું રાખવામાં આવ્યું છે ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

સમાચાર પાછળના સમાચાર

હળવે હૈયે
પ્રકાશ લાલા

અમારા જ ઘરે, અમારી જ ચા પીતાં પીતાં અમારું જ છાપું વાંચતાં વાંચતાં અચાનક લાલાકાકાએ અમને જ પૂછયું : 'પનુભાઈ, આ સમાચાર જોયા?'

'કયા સમાચાર, અંકલ?', છાપામાં ઘણા બધા સમાચારો છપાતા હોય છે એટલે રેડ અંકલ કયા ખાસ 'ન્યૂઝ' વિશે એમનો 'વ્યૂ' વ્યકત કરી રહ્યા છે એ ખબર ન પડતાં અમે એમને પ્રતિ પ્રશ્ન કર્યો.

જો કે છાપામાં ઘણા બધા સમાચારો છપાય છે એ વિધાન પણ એક રીતે તો સો ટકા સાચું નથી. ઘણાં અખબારોમાં ઘણાં પાનાંઓ પર ઘણી બધી જાહેરાતોની વચ્ચે ક્યાંક ક્યાંક સમાચારો છપાયેલા શોધવા પડતા હોય છે! જેમ ટીવી ઉપર સતત જાહેરાતોના મારા વચ્ચે સિરીયલ જોવા મળે છે એમ જ!! અને અઠવાડિયાના અમુક દિવસે તો કેટલાક સમાચારપત્રો, છાપાં, ન્યૂઝ પેપર્સ જાણે જાહેરાતો માટે જ છપાતાં હોય એવું ય લાગે... જાહેરાતોથી પહેલાં છાપાં ભરાય છે. પછી એ જાહેરાતોવાળાનાં ગજવા ગ્રાહકો દ્વારા ભરાય છે...

'પનુભાઈ, આ સમાચારની વાત છે!' કહેતાં અંકલે ચોકકસ ન્યૂઝ ઉપર આંગણી મુકી અખબારનું પાનું અમારા હાથ ઉપર પછાડયું... ને અમે ઝબકયાં : અરેરે... રેડ અંકલે ન્યૂઝ વિશે પૂછયું ને અમે ન્યૂઝપેપર્સના વિચારે ચઢી ગયા?

અમે લાલાકાકાએ ચીંધેલા ન્યૂઝ વાંચ્યા : 'તેલંગણામાં સ્વાતંત્ર્ય દિને 'બેસ્ટ કોન્સ્ટેબલ'નો એવોર્ડ મેળવનાર પોલીસ લાંચ લેતાં પકડાયો.'

આ ન્યૂઝ વાંચી અમે કહ્યું : 'અંકલ, આ તો બહુ ખરાબ કહેવાય નહીં? હજી ૧૫ ઓગસ્ટે એને આ સન્માન મળ્યું ને બે દિવસ પછી આ પોલીસ વાળાએ તેને મળેલા એવોર્ડની આબરૂ બગાડી!!' એ ખરખરો કર્યો.

'હા, પનુભાઈ... ન્યૂઝ જોતાં પહેલી નજરે આવું રીએકશન આવે એ બરાબર છે.. પણ જરા ઊંડાણથી વિચારીએ તો...'

'તો શું? આમાં ઊંડાણથી શું વિચારવાનું હોય, અંકલ?'

'તમે સમજતા નથી, યાર.' હાથમાંના ચાના કપમાંથી છેલ્લો ઘૂંટડો ગળામાં ઉતારી, ખાલી કપ બાજુમાં મૂકતાં લાલાકાકા મેદાને જંગમાં આવ્યા : 'આ એવોર્ડ પેલા કોન્સ્ટેબલની લાંચ લેવાની પ્રવૃત્તિના બેસ્ટ પરફોર્મન્સ માટે જ એનાયત કરાયો હોય એવું ના બને?'

'હેં?'

'યસ પનુભાઈ, તેલંગણાના પોલીસતંત્રને આ કોન્સ્ટેબલ એની આવી આવડત થકી સારી એવી એકસ્ટ્રા ઈન્કમ કમાવી આપતો હોય ને તેથી જ આ એવોર્ડ અપાયો હોય.. ઘણીવાર એવોર્ડઝ આપવા પડતા હોય છે...' 'શું તમેય અંકલ!'

'ચાલો, બીજી રીતે વિચારો... માની લઈએ કે સદરહુ ઈસમ-એ શખ્સ એટલે કે આ પોલીસમેન પહેલેથી આવો નહીં હોય... પણ એવોર્ડ મળ્યા પછી એણે વિચાર્યું હશે કે હું લાંચ લઈશ-ભ્રષ્ટાચાર કરીશ તોય એ વાત કોણ માનશે? ને પકડાઈ જઈશ તો કહીશ કે હું 'બેસ્ટ કોન્સ્ટેબલ' એવોર્ડ વિજેતા છું, હું લાંચ લેતો હોઉં ખરો? એવોર્ડના સર્ટિફીકેટના આધારે છૂટી જઈશ માની એણે હવે આ (કુ) પ્રવૃત્તિ આરંભી હોય...' 'હેં?' રેડ અંકલની અઘરી દલીલો સામે અમારી પાસે 'હેં' ને 'હા...' કર્યા સિવાય તાત્કાલિક કોઈ ઉત્તર ન હતો...હજી

અમે લાલાકાકાને કોઈ જવાબ આપીએ એ પહેલાં તો એમણે પ્રશ્ન કર્યો 'પનુભાઈ, દારૂ અને મોબાઈલ બેમાં વધુ ઘાતક શું?'

'દારૂ જ વળી.. દારૂ હેલ્થને વેલ્થ બેય રીતે વ્યકિતને બરબાદ કરે છે. દારૂના વધુ પડતા સેવનથી મૃત્યુ પણ આવે છે..'

'ના... લો, આ ન્યૂઝ વાંચો.' કહેતાં અંકલે ફરી બીજા એક ન્યૂઝ પર આંગળી મુકી અમને બતાવ્યું...

સમાચાર હતા : 'વર્ષ ૨૦૧૮માં ગુજરાતમાં દારૂથી ૧૮ વ્યકિતનાં મોત... ચાલુ વાહને મોબાઈલના ઉપયોગથી અકસ્માતમાં ૧૮૭ના મોત.' સમાચાર વાંચીને અમે ચોંક્યા...

'હવે બોલો, દારૂ જીવલેણ કે મોબાઈલ?' લાલાકાકાએ ફરી પ્રશ્ન કર્યો...

'અંકલ, દારૂ ભાન ભૂલાવે છે તે ખબર બધાંને છે.. દારૂ જ દારૂડિયાને ભૂલી જાય છે એ સૂત્ર પણ બધાં જાણે છે પણ મોબાઈલ વિશેના આ આંકડા ચેતવણીરૂપ છે.'

'એ જ તો વાત છે, પનુભાઈ!' અંકલ ઉવાચ : 'બે ઘોડે ચઢેલો પડે જ ને ખોખરો થાય જ. એમ, ડ્રાઈવિંગ કરતાં કરતાં મોબાઈલ ઉપર વાતો કરવી કે કાનમાં ભૂંગળા ભરાવી મ્યુઝિક સાંભળવું બે ધ્યાન બનાવે જ ને અકસ્માતને નોંતરે જ.. એ કયારે જીવલેણ નીવડે એની કોઈ ખબર નથી હોતી...'

'સાવ સાચી વાત છે.. બધા સમજે છે... ચાલુ વાહને મોબાઈલના ઉપયોગ માટે દંડની જોગવાઈ પણ છે પરંતુ ઘણા લોકો ટ્રાફિક રૂલ્સના ભંગ માટે થતી સજા અને દંડની બિલકુલ પરવા નથી કરતા એ દુખની વાત છે...' અમે ચિંતા વ્યકત કરી...

'પનુભાઈ, હજી ચોમાસું ગયા પછી બીજા એક ન્યૂઝ આવશે કે ચોમાસામાં રોડ ઉપર ગાયો આવી જતાં, તેનાથી થયેલા અકસ્માતમાં આટલા લોકોએ જાન ગુમાવ્યા... આટલાને ગંભીર ઈજાઓ થઈ...' ત્યારે ફરી વિચારશું કે વધુ જોખમકારક શું? દારૂ, મોબાઈલ કે રોડ પર આવી જતાં ઢોર?

'હેં? હા, હોં!'